GJGS040013382025		Presented on	11.04.2025
		Registered on	11.04.2025
		Decided on	17.07.2026

:: નમૂના – અ ::

મહેરબાન ઉનાના સેકન્ડ એડી. ચીફ જ્યુડી. મેજી. (શ્રી નીરજ કુમાર યાદવ) સમક્ષ, ઉના, તા. ઉના, જી. ગીર સોમનાથ.	
ચુકાદાની તારીખ	૧૭/૦૭/૨૦૨૬
ફો. કે. સંખ્યા	૧૦૩૨/૨૦૨૫
જજમેન્ટ આંક	
ગુનાની વિગત	
ગુનાની કલમ	**ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮**
પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા	–
પોલીસ સ્ટેશન	–
ફરિયાદ પક્ષ	**થૈયમ ઇમરાનભાઈ જુસબભાઈ** ધંધો – મચ્છી વેપાર, રહે. નવાબંદર, તા. ઉના, જી. ગીર સોમનાથ.
રજૂઆત	ફરિયાદ પક્ષ તરફે વિ.વ. શ્રી. **પી.બી. બારૈયા**
આરોપી પક્ષ	**અઝીમભાઈ સલીમભાઈ ભટી** ધંધો – મચ્છી વેપાર, રહે. ખારાપત તુર્કી મહોલ્લા, ગાંધીભવન પાછળ, જાફરાબાદ, તા. જાફરાબાદ, જી. અમરેલી.
રજૂઆત	આરોપી તરફે વિ. વકીલશ્રી **સી.બી. બાંભણીયા**

:: નમૂના – બ ::

ગુનાની તારીખ	–
પ્રથમ માહિતી અહેવાલની તારીખ	–
આખરી અહેવાલની તારીખ	–
તહોમતનામાની તારીખ	–
પુરાવો શરૂ થયાની તારીખ	–

ચુકાદા માટે રાખવાની તારીખ	૧૬/૦૭/૨૦૨૬
ચુકાદાની તારીખ	૧૭/૦૭/૨૦૨૬
સજા હુકમની તારીખ (લાગુ પડે તો)	૧૭/૦૭/૨૦૨૬

:: આરોપીની વિગત ::

આરોપીનું અનુક્રમ	આરોપીનું નામ	ધરપકડ ની તારીખ	જામીન મુક્તિ તારીખ	તહોમત	શું નિર્દોષ છોડ્યુ / સજા કરી	કરવામાં આવેલ સજા	સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળો ફો. કા. સંહિતા ની કલમ ૪૨૮ મુજબ
૧	**અઝીમભાઇ સલીમભાઇ ભટ્ટી**	–	–	ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮	સજા	આખરી હુકમ મુજબ	–

:: નમૂનો ક ::

ફરિયાદી / બચાવ / ન્યાયાલયના સાક્ષીની યાદી
અ. ફરિયાદ પક્ષ

અનુ ક્ર.	નામ	પુરાવા નો પ્રકાર
ફ.સ.૧	થૈયમ ઇમરાનભાઇ જુસબભાઇ	ફરિયાદીનું સરતપાસનું સોગંદનામું

બ. બચાવ પક્ષ

અનુ ક્ર.	નામ	પુરાવા નો પ્રકાર
આ.સ.૧	અજીમભાઇ સલીમભાઇ ભટ્ટી	આરોપીની સોગંદ પરની જુબાની

ફરિયાદી / બચાવ / ન્યાયાલયના આંકની યાદી
અ. ફરિયાદ પક્ષ

અનુ ક્ર.	આંક સંખ્યા	વર્ણન
૧.	૦૫	ફરિયાદી થૈયમ ઇમરાનભાઇ જુસબભાઇનું સરતપાસનુ સોગંદનામું
૨.	૦૮	અસલ ચેક નં. ૦૦૦૬૦૪
૩.	૦૯	ચેક રીટર્ન મેમો
૪.	૧૦	નોટીસનું શીલબંધ કવર

૫.	૧૧	પોસ્ટ ખાતાની રજી.એડી. ની રીસીપ્ટ
૬.	૧૨	આરોપીના નામવાળુ બિલ

બ. બચાવ પક્ષ

અનુ ક્ર.	**આંક સંખ્યા**	**વર્ણન**
૧.	૩૭	આરોપીએ ફરિયાદી વિરૂદ્ધ દાખલ કરેલ એફ.આઇ.આર.
૨.	૩૮	આરોપીએ ફરિયાદી વિરૂદ્ધ દાખલ કરેલ કેસનું ચાર્જશીટ
૩.	૩૯	રકમ જમા કરાવ્યા અંગેના વાઉચરો, કુલ – ૯
૪.	૪૦	આરોપીનું બેંક સ્ટેટમેન્ટ

–:: જ જ મે ન્ટ ::–

ફરીયાદની ટુંકમાં હકીકતઃ–

૧. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ફરિયાદી પાસેથી રૂ. ૫,૫૬,૧૪૦/– ની સુકી મચ્છી (બુમલા) ખરીદ કરેલ, જે ચુકવવાની થતી રકમમાંથી રૂ. ૬,૧૪૦/– આરોપીએ ફરિયાદીને રોકડા આપેલા અને બાકીના નાણા રૂ. ૫,૫૦,૦૦૦/–નો આઇ.સી.આઇ. સી.આઇ. બેંક, જાફરાબાદ શાખાનો આરોપીના એકાઉન્ટ નંબર ૪૩૧૩૦૫૦૦૫૫૧ નો ચેક નંબર ૦૦૦૬૦૪ નો આપેલ અને ચેક આપતી વખતે આરોપીએ ફરિયાદીને કહેલું કે માલ વહેંચાય જાય અને નાણા આવે અને હું બેંકમાં જમા કરાવું અને ફોન કરી કહું ત્યારે ચેક વટાવવા નાંખજો જેથી તમોને તમારા માલના નાણા મળી જશે. ત્યારબાદ ફરિયાદીએ આરોપીને ફોન કરી નાણાની ઉઘરાણી કરેલ અને આરોપીને નાણા આવી ગયા હોય તો ચેક વટાવવા નાંખવા અંગે પુંછતા તમોએ અવારનવાર નાણા આવેલા નથી અને નાણા આવે તો ફોન કરીશ તેવું કહેલ અને ઉડાઉ જવાબ આપેલ અને અંતે તો ફોન ઉપાડવાનું

પણ બંધ કરી દીધેલ અને લેણી રકમ ચુકવેલ નહી અને ફરિયાદી સાથે છેતરપીંડી કરેલ. આરોપીએ ફોન ઉપાડવાનું બંધ કરી દેતા આરોપીએ ફરિયાદીને બાકી લેણા પેટેની રકમ રૂ. ૫,૫૦,૦૦૦/- ના ચુકવણા પેટે આપેલ ચેક ફરિયાદીએ પોતાની નવાબંદર ગામની એસ.બી.આઇ. બેંકના ખાતા નંબર ૩૧૩૨૦૬૩૮૧૮૭ વાળામાં તા. ૧૬/૧૨/૨૦૨૪ ના રોજ ક્લીયરન્સ માટે નાંખતા સદર ચેક "એકાઉન્ટ ક્લોઝ" ના શેરા સાથે વણચુક્યે પરત આવેલો. સદર ચેક રીટર્ન થતાં ફરિયાદીએ આરોપીને તા. ૦૫/૦૨/૨૦૨૫ ના રોજ વકીલ મારફતે રજી. એડી. થી આરોપીના સરનામે મોકલેલ, જે નોટીસ લેવાનો આરોપીએ ઇન્કાર કરતા તા. ૦૮/૦૨/૨૦૨૫ ના રોજ રીફ્યુઝના શેરા સાથે પરત ફરેલ. ત્યારબાદ તમો આરોપીએ ફરિયાદીની લેણી રકમ ચુકવેલ નહિ કે ચુકવવાની કોઇ દરકાર કરેલ નહીં જેથી ફરિયાદીએ આરોપી વિરૂદ્ધ ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ - ૧૩૮ મુજબની ફરિયાદ કરેલ છે.

<u>કેસ દાખલ થયા બાદની પ્રક્રિયાઃ-</u>

૨. ઉપરોક્ત હકીકત મુજબની ફરિયાદ તથા સાથે સામેલ ફરિયાદીનું વેરીફિકેશન, દસ્તાવેજો અને ફરિયાદીનું સરતપાસનું સોગંદનામું ધ્યાને લઇ નામદાર સર્વોચ્ચ અદાલતે **"ઇન્ડીયન બેંક એસોસિએશન એન્ડ અધર્સ વિ. યુનિયન ઓફ ઇન્ડીયા (Write petition no. 18/2013)"** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ ગાઇડલાઇન્સ મુજબ આરોપી સામેના ગુનાનું સંજ્ઞાન લઇ પ્રોસેસ ઇસ્યુ કરવા હુકમ કરવામાં આવેલ. પ્રોસેસ આધારે આરોપી અદાલતમાં ઉપસ્થિત થતાં ફરિયાદ તથા સાથે સામેલ દસ્તાવેજી પુરાવા અને ફરિયાદીના સરતપાસના સોગંદનામાની નકલો આરોપીને આપી તેઓ

સામેના આક્ષેપિત ગુના અંગે સમજ આપી મારા પુરોગામી મેજીસ્ટ્રેટશ્રી દ્વારા આંક – ૬ ની વિગતે પ્લી રેકર્ડ કરવામાં આવેલ, જેમાં આરોપીએ ગુનો કબુલ નથી તેવું જણાવતા કેસની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ – ૩૫૧(૧)(એ) મુજબનું નિવેદન તથા આરોપીનો બચાવઃ–

૩. આ કામે ફરિયાદીની સોગંદ ઉપરની જુબાની થયા બાદ સદરહું કેસ આરોપીનું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ – ૩૫૧(૧)(એ) મુજબનું નિવેદન લેવામાં આવેલ. આ કામના આરોપીએ પોતાના વિશેષ નિવેદનમાં જણાવેલ હકીકતો ધ્યાને લેવામાં આવે તો મુખ્યત્વે ફરિયાદની હકીકતનો ઈન્કાર કરવામાં આવેલ છે અને જણાવેલ છે કે, "અમારી સામે ખોટો કેસ કરવામાં આવેલ છે. અમો ફરિયાદીને ઓળખતા નથી કે તેમને અમોએ કોઈ ચેક આપેલ નથી."

દલીલોઃ–

૪. **ફરિયાદ પક્ષના વિ. વકીલશ્રીએ પોતાની મૌખિક દલીલમાં જણાવેલ છે કે,** આરોપીએ ફરિયાદી પાસેથી ખરીદેલ સૂકી માછલીની બાકી કિંમતની ચુકવણી અર્થે રૂ. ૫,૫૦,૦૦૦/– નો વિવાદિત ચેક ફરિયાદીને આપેલ હતો. ફરિયાદીએ પોતાની ફરિયાદ, સોગંદ ઉપરની સરતપાસ તથા રેકર્ડ ઉપર રજૂ કરેલ વિવાદિત ચેક, બેંક રિટર્ન મેમો, કાયદેસરની ડીમાન્ડ નોટિસ, પોસ્ટલ રસીદ, પરત આવેલ કવર તેમજ વ્યવહાર સંબંધિત બિલ દ્વારા ફરિયાદના પાયાના તથ્યો તથા નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ, ૧૮૮૧ ની કલમ ૧૩૮ હેઠળના તમામ આવશ્યક તત્ત્વો પુરવાર કરેલ છે. વધુમાં,

વિવાદિત ચેક આરોપીના બેંક ખાતાનો છે તથા તેના ઉપર રહેલી સહી આરોપીની પોતાની નથી તેવી કોઈ તકરાર આરોપીએ કરેલ નથી. ફરિયાદીએ રજૂ કરેલ વ્યવહાર તથા બાકી લેણા અંગેની હકીકતોને આરોપી પક્ષે અસરકારક ઉલટતપાસ દ્વારા પડકારેલ નથી તથા ફરિયાદીના મહત્વપૂર્ણ મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું સ્પષ્ટપણે ખંડન કરવામાં આવેલ નથી. આરોપી દ્વારા રજૂ કરાયેલ એફ.આઈ.આર., વાઉચરો તથા અન્ય દસ્તાવેજોનો હાલના ફરિયાદી, વિવાદિત ચેક અથવા રૂ. ૫,૫૦,૦૦૦/– ના કથિત લેણા સાથે કોઈ સીધો, સુસંગત તથા વિશ્વસનીય સંબંધ સ્થાપિત થતો નથી. તેથી, આરોપી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ ૧૧૮ (અ) તથા ૧૩૯ હેઠળના કાયદાકીય અનુમાનને સંભાવનાઓના પ્રાબલ્યના ધોરણે ખંડિત કરવામાં નિષ્ફળ રહેલ હોવાથી તેને કાયદા મુજબ દોષિત ઠરાવવાની વિનંતી કરવામાં આવેલ છે.

૪.૧ **આરોપી પક્ષના વિ. વકીલશ્રીએ પોતાની મૌખિક દલીલમાં જણાવેલ છે કે,** ફરિયાદીએ પોતે સૂકી માછલીનો વ્યવસાય કરતા હોવાનો અથવા આરોપીએ સૂકી માછલીની ખરીદી કે વેપાર કરેલ હોવાનો કોઈ વિશ્વસનીય દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. આરોપી ફરિયાદીને ઓળખતા નથી તથા બંને વચ્ચે કોઈ સીધો વેપારી વ્યવહાર થયેલ નથી. બંને પક્ષો વચ્ચે કથિત ટેલિફોનિક વાતચીત થયેલ હોવાનું દર્શાવવા માટે કોઈ કૉલ ડિટેઇલ રેકર્ડ, મોબાઇલ રેકોર્ડિંગ અથવા અન્ય ઈલેક્ટ્રોનિક પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. કાયદેસરની ડીમાન્ડ નોટિસ આરોપીને વાસ્તવમાં પ્રાપ્ત થયેલ નથી તથા તે "Refused"ના પોસ્ટલ શેરા સાથે પરત આવેલ હોવાથી

નોટિસની કાયદેસરની બજવણી પુરવાર થયેલ નથી. વિવાદિત ચેકમાં અંગ્રેજી તથા ગુજરાતી એમ બે ભાષામાં લખાણ કરવામાં આવેલ છે અને ચેક ફરિયાદીની પેઢીના નામે નહીં પરંતુ ફરિયાદીના વ્યક્તિગત નામે હોવાનું જણાય છે. ફરિયાદીએ રજૂ કરેલ બિલ ઉપર આરોપીની સહી, સ્વીકૃતિ અથવા સંમતિ નથી તથા તેમાં જીએસટી, કરવેરા, પરિવહન, માલની ડિલિવરી અથવા માલ સ્વીકારનારની વિગતો પણ દર્શાવવામાં આવેલ નથી. કથિત બિલ આરોપીને આપવામાં આવેલ હતું તે બાબતનો પણ કોઈ પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. બિલની તારીખ ૧૯/૧૧/૨૦૨૩ છે, જ્યારે ફરિયાદ વર્ષ ૨૦૨૫ દાખલ કરવામાં આવેલ છે અને આ દરમિયાન કોઈ લેઝર, હિસાબી ચોપડા, બાકી રકમની લેખિત માંગણી અથવા અન્ય સમકાલીન દસ્તાવેજ રજૂ કરવામાં આવેલ નથી. વધુમાં, બચાવ પક્ષના સાક્ષીએ ફરિયાદીને ઓળખતો ન હોવાનું જણાવેલ છે. આરોપી અગાઉ ફરિયાદીના સગાં સાથે જાફરાબાદ ખાતે રહેતો હતો અને વિવાદિત ચેક હાલના ફરિયાદીને નહીં પરંતુ એફ.આઇ.આરમાં દર્શાવેલ અન્ય વ્યક્તિઓને અલગ વ્યવહારના અનુસંધાને આપવામાં આવેલ હતો. તે વ્યવહાર અંગેની ચૂકવણીના વાઉચરો પણ રજૂ કરવામાં આવેલ છે. ફરિયાદીએ આરોપી સાથે થયેલ કથિત વ્યવહાર, માલની ડિલિવરી તથા કાયદેસર લેણું વિશ્વસનીય પુરાવાથી પુરવાર કરેલ નથી. ફરિયાદીએ પોતાની આર્થિક તથા વ્યવસાયિક ક્ષમતા, આવકનો સ્ત્રોત, હિસાબી ચોપડા, બેંક વ્યવહાર અથવા કરવેરા સંબંધિત દસ્તાવેજો પણ રજૂ કરેલ નથી. તેથી, વિવાદિત ચેકનો દુરુપયોગ કરીને હાલની ફરિયાદ દાખલ કરવામાં આવેલ હોવાનું સંભાવ્ય બનતું હોવાથી આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી

મૂકવાની વિનંતી કરવામાં આવેલ છે.

કેસના નિર્ણય અંગેના મુદ્દાઓઃ-

પ. આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરિયાદ પક્ષ નિઃશંક પણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ફરિયાદીને કાયદેસરની લેણી નીકળતી રકમ પેટે આપેલ રૂ. ૫,૫૦,૦૦૦/-નો આઇ.સી.આઇ. સી.આઇ. બેંક, જાફરાબાદ શાખાનો આરોપીના એકાઉન્ટ નંબર ૪૩૧૩૦૫૦૦૫૫૧ નો ચેક નંબર ૦૦૦૬૦૪ ફરિયાદીએ બેંકમાં રજુ રાખતા "Account Closed" ના શેરા સાથે પરત ફરેલ છે અને ત્યારબાદ ફરિયાદીએ સમયમર્યાદામાં નોટીસ આપી ચેકના નાણાની માંગણી કરેલ તે નોટીસ આરોપીને બજી ગયેલ હોવા છતાં ફરિયાદીની કાયદેસરની લેણી રકમ નિયત સમયમર્યાદામાં નહી ચુકવીને નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૩૮ હેઠળનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

૨. શું બચાવ પક્ષ પુરવાર કરે છે કે, તેમની પાસે ફરિયાદીનું કાયદેસરનું કોઇ લેણું નથી?

૩. શું હુકમ?

મુદ્દા અંગેના નિર્ણયઃ-

૬. ઉપરોક્ત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. નકારમાં

૩. આખરી હુકમ

કારણોઃ–

પુરાવાનું મુલ્યાંકન

૭. આ કામે મુદ્દા નં. ૧ તથા ૨ નો પ્રકાર જોતા તેઓ એકબીજા સાથે સંકળાયેલ હોઈ બિનજરૂરી લંબાણ અને પુનરાવર્તન નહિ કરવાના હેતુથી તેમની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે. આ કામે આરોપી દ્વારા નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૩૮ મુજબનો ગુનો કરેલ છે કે કેમ? તે સમજવા માટે તેની સંલગ્ન વ્યાખ્યાઓ ધ્યાને રાખવી અતિ આવશ્યક છે.

6. “Cheque”.—A “cheque” is a bill of exchange drawn on a specified banker and not expressed to be payable otherwise than on demand and it includes the electronic image of a truncated cheque and a cheque in the electronic form.

8. “Holder”.—The “holder” of a promissory note, bill of exchange or cheque means any person entitled in his own name to the possession thereof and to receive or recover the amount due thereon from the parties thereto. Where the note, bill or cheque is lost or destroyed, its holder is the person so entitled at the time of such loss or destruction.

9. “Holder in due course”.—“Holder in due course” means any person who for consideration became the possessor of a promissory note, bill of exchange or cheque if payable to bearer, or the payee or indorsee thereof, if 1 [payable to order,]before the amount mentioned in it became payable, and without having sufficient cause to believe that any defect existed in the title of the person from whom he derived his title.

118. Presumptions as to negotiable instruments.— Until the contrary is proved, the following presumptions shall be made:—

(**a) of consideration:**—that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration;

(b) as to date:—that every negotiable instrument bearing a date was made or drawn on such date;

(c) as to time of acceptance:—that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

(d) as to time of transfer:—that every transfer of a negotiable instrument was made before its naturity;

(e) as to order of indorsements:—that the indorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear then on;

(f) as to stamp:— that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

(g) that holder is a holder in due course:—that the holder of a negotiable instrument is a holderin due course: provided that, where the instrutment has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.

138. Dishonour of cheque for insufficiency, etc., of funds in the account.

Where any cheque drawn by a person on an account

maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for [a term which may be extended to two years'], or with fine which may extend to twice the amount of the cheque, or with both:

Provided that nothing contained in this section shall apply unless

(a) **the cheque has been presented to the bank within a period of six/three months** from the date on which it is drawn **or within the period of its validity, whichever is earlier;**

(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a **demand** for the payment of the said amount of money by giving a **notice; in writing,** to the drawer of the cheque, **[within thirty days] of the receipt of information by him from the bank** regarding the return of the cheque as unpaid; and

(c) the drawer of such cheque **fails to make the payment** of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, **within fifteen days of the receipt of the said notice.**

Explanation.—For the purposes of this section, "debt of

other liability" means a **legally enforceable** **debt or other liability.**

139. Presumption in favour of holder.—It shall be presumed, unless the contrary is proved, **that** the holder of a **cheque received** the cheque of the nature referred to in section138 **for the discharge**, in whole or in part, **of** any **debt or other liability.**

140. Defence which may not be allowed in any prosecution under section 138.—Itshall not be a defence in a prosecution for an offence under section 138 that the **drawer had no reason to believe** when he issued the cheque **that the cheque may be dishonoured** on presentment for the reasons stated in that section.

142. Cognizance of offences.—1[(1)] Notwithstanding anything contained in the Code of Criminal Procedure, 1973 (2 of 1974),—

(a) **no court shall take cognizance of any offence punishable under section 138 except upon a complaint, in writing,** made by the payee or, as the case may be, the holder in due course of the cheque;

(b) such complaint is made **within one month of the date on which the cause of action arises** under clause (c) of the proviso to section 138:

2[**Provided that the cognizance of a complaint may be taken by the Court after the prescribed period, if the complainant satisfies the Court that he had sufficient cause for not making a complaint within such period;]**

(c) no court inferior to that of a Metropolitan Magistrate or a Judicial Magistrate of the first

class shall try any offence punishable under section 138.].

3[(2) The offence under section 138 shall be inquired into and tried only by a court within whose local jurisdiction,—

(a) if the cheque is delivered for collection through an account, the branch of the bank where the payee or holder in due course, as the case may be, maintains the account, is situated; or

(b) if the cheque is presented for payment by the payee or holder in due course, otherwise through an account, the branch of the drawee bank where the drawer maintains the account, is situated.

Explanation.—For the purposes of clause (a), where a cheque is delivered for collection at any branch of the bank of the payee or holder in due course, then, the cheque shall be deemed to have been delivered to the branch of the bank in which the payee or holder in due course, as the case may be, maintains the account.]

146. Bank's slip prima facie evidence of certain facts. —The Court shall, in respect of every proceeding under this Chapter, on production of Bank's slip or memo having thereon the official mark denoting **<u>that the cheque has been dishonoured,</u>** presume the fact of dishonour of such cheque, **<u>unless</u>** and until such fact is **<u>disproved.</u>**

૮. હવે શું ફરિયાદ પક્ષ દ્વારા રજુ રખાયેલ તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવાથી આરોપીએ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ - ૧૩૮ મુજબનો ગુનો કરેલ છે કે કેમ? તે ઉપરોક્ત વ્યાખ્યાના આવશ્યક

તત્વોને ધ્યાને રાખી તપાસવું પડે.

ચેક રજુ કરવા બાબતઃ-

૯. આ કામે આંક – ૮ થી રજુ અસલ ચેક વંચાણે લેવામાં આવે તો તારીખ ૧૬/૧૨/૨૦૨૪ ના રોજ ઇસ્યુ કરવામાં આવેલ છે. કાયદાની કલમ - ૧૩૮ મુજબ તેને મહત્તમ ત્રણ મહિનામાં બેંકમાં રજુ કરવો પડે. આંક -૧૯ થી રજુ રીટર્ન મેમો વંચાણે લેવામાં આવે તો તા. ૧૮/૦૧/૨૦૨૫ ના રોજ ચેક બેંકમાં રજુ રાખવામાં આવ્યેથી ચેક પરત ફર્યાનો રીટર્ન મેમો બેંક દ્વારા આપવામાં આવેલ છે. જે રીટર્ન મેમો વંચાણે લેવામાં આવે તો સદર સમયમર્યાદામાં બેંકમાં રજુ કરવામાં આવેલ છે. **આમ, કાયદાની કલમ - ૧૩૮ નું પાલન થાય છે.**

ચેક પરત થવા બાબતઃ-

૧૦. ફરિયાદપક્ષે આંક – ૯ થી રજુ ચેક રીટર્ન મેમો રજુ રાખેલ છે, જે વંચાણે લેતા સદર ચેક **"Account Closed"** ના શેરા સાથે પરત થયેલ છે. **આમ કાયદાની કલમ – ૧૩૮ નું પાલન થાય છે.**

ડીમાન્ડ નોટીસ બાબતઃ-

૧૧. કાયદાની કલમ - ૧૩૮ મુજબ ચેક ધારણ કરનારે ચેક ડીસ્હોનર્ડ થયાની જાણથી એક મહિનાની અંદર ચેક લખનારને લેખિત ડીમાન્ડ નોટીસથી સદર રકમની માંગણી કરવી પડે. આંક - ૯ થી રજુ બેંક ચેક રીટર્ન મેમો વંચાણે લેવામાં આવે તો તે તા. ૧૮/૦૧/૨૦૨૫ નો છે અને આ કામે આંક - ૧૧ થી રજુ નોટીર રજી. એડી. કર્યાની રીસીપ્ટ વંચાણે લેતા તા. ૦૫/૦૨/૨૦૨૫ ના રોજ રજી.એડી. કરવામાં આવેલ છે. આંક – ૧૦ થી રજુ નોટીસનું કવર ધ્યાને લેતા તે તા. ૦૮/૦૨/૨૦૨૫ ના રોજ રીફ્યુઝના શેરા સાથે પરત આવેલ છે. **આમ, ફરિયાદીને ચેક રીટર્ન થયાની જાણ થયેથી ત્રીસ દિવસમાં**

આરોપી પાસેથી લેખિતમાં સદર રકમની માંગણી કરવામાં આવેલ છે. આમ, તેઓ દ્વારા કાયદાની જોગવાઈનું પાલન કરવામાં આવેલ છે.

કલમ ૧૪૨ મુજબ સંજ્ઞાન લેવા બાબતઃ-

૧૨. સદર કામે ફરિયાદ લેખિતમાં દાખલ કરવામાં આવેલ છે. હાલના કામે ફરિયાદી દ્વારા તા. ૦૫/૦૨/૨૦૨૫ ના રોજ આંક – ૧૦ થી રજુ ડીમાન્ડ નોટીસ આરોપીને મોકલવામાં આવેલ છે, જે નોટીસ તા. ૦૮/૦૨/૨૦૨૫ ના રોજ રીફ્યુઝના શેરા સાથે પરત આવેલ છે. આરોપીએ સદર નોટીસ મળ્યેથી પંદર દિવસની અંદર રૂપિયા ચુકવી દેવા પડે અને જો આરોપી રૂપિયા ન ચુકવે તો ત્યારબાદ એક મહિનાની અંદર ફરિયાદ દાખલ કરવી પડે. હાલના કામે ફરિયાદ તા. ૦૪/૦૩/૨૦૨૫ ના રોજ દાખલ કરવામાં આવેલ છે, **આમ, ફરિયાદીએ આરોપીને નોટીસની બજવણી થયેથી પંદર દિવસમાં સદર રકમ નહિ ચુકવતા એક મહિનાની અંદર અદાલતમાં ફરિયાદ દાખલ કરી દીધેલ છે. આમ, તેઓ દ્વારા કાયદાની જોગવાઈનું પાલન કરવામાં આવેલ છે.**

કલમ - ૧૩૯ ના અનુમાન બાબતઃ-

૧૩. આ કામે ફરિયાદ પક્ષ તકરારી ચેક આ કામના આરોપીએ કાયદેસરના દેવા પેટે ફરિયાદીને આપેલ હોવાની હકીકત જણાવે છે, જ્યારે કે બચાવ પક્ષ તરફે સદર આરોપીના ખાતાનો ચેકનો ફરિયાદીએ દુરુપયોગ કરેલ હોવાનો બચાવ લીધેલ છે. ઉપરોક્ત સંજોગોમાં કાયદાની કલમ - ૧૩૯ વંચાણે લેતા જ્યારે કોઈ ચેક ઈસ્યુ કરવામાં આવે તો તે કાયદેસરના દેવા કે જવાબદારી પેટે ઈસ્યુ કરવામાં આવેલ છે તેવું અનુમાન ચેક ધારણ કરનારના તરફેણમાં માનવાનું થાય છે. હાલના ચેકમાં ફરિયાદી ચેક ધારણકર્તા છે અને

આમ સદર ચેક તેઓને આરોપીએ કાયદેસરના દેવા કે જવાબદારી પેટે આપેલ હોવાનું અનુમાન કાયદા મુજબ કરવું પડે. **હવે જો આરોપી આવી હકીકતનું ખંડન કરવા માંગતા હોય અને તેનાથી વિરૂદ્ધની હકીકત પુરવાર કરવા માંગતા હોય તો તેવી હકીકત પુરવાર કરવાની જવાબદારી બચાવપક્ષના શિરે રહે છે. જો બચાવ પક્ષનું એવું કથન હોય કે તકરારી ચેક ફરિયાદીને આપેલ નથી તો તેવા સંજોગોમાં તેવી હકીકત પુરવાર કરવાની જવાબદારી બચાવ પક્ષની રહે છે અને જો બચાવ પક્ષ એવી હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડે તો કાયદાની જોગવાઇ મુજબ સદર ચેક બચાવ પક્ષે ફરિયાદીને કાયદેસરના દેવા કે જવાબદારી પેટે આપેલ હોવાની હકીકત પુરવાર થાય છે.**

<u>ફરિયાદ પક્ષની પુરવાર હકીકતો અને બચાવ પક્ષ દ્વારા તેનું ખંડનઃ—</u>

૧૪. ઉપરોક્ત ચર્ચા કરી તે મુજબનો તમામ દસ્તાવેજી અને મૌખિક પુરાવો વંચાણે લેવામાં આવે તો કાયદાની કલમ ૧૩૮ માં દર્શાવેલ પ્રક્રિયાનું પાલન થયેલ છે તેમજ કાયદાની કલમ ૧૧૮ તથા ૧૩૯ ના અનુમાનોને તપાસતા આ કામના આરોપી તરફથી ફરિયાદીને આપવામાં આવેલ ચેક આરોપીના બેંક ખાતામાં વટાવવા માટે રજુ કરતા તે ચેક "Account Closed" ના શેરા સાથે પરત કરવામાં આવેલ. ત્યારબાદ આરોપીને ફરિયાદીએ કાયદાની જોગવાઇ મુજબ ડીમાન્ડ નોટીસ મોકલી ચેક પરત ફરેલ હોવાની જાણ કરેલ હોવા છતાં અને નિયત સમય સુધી રાહ જોવા છતાં ફરિયાદીને તેની કાયદેસરની લેણી રકમ નહિ ચુકવીને આરોપીએ ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૩૮ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાની હકીકતો પુરવાર થાય છે. હવે, જ્યારે આવી હકીકત પુરવાર થાય છે ત્યારે સદર પુરવાર થયેલ હકીકતનું ખંડન કરવાની જવાબદારી બચાવપક્ષના શિરે રહે છે. તેવા સંજોગોમાં બચાવપક્ષે

બચાવમાં લીધેલી હકીકતો ધ્યાને લેવી જરૂરી બને છે.

૧૫. **હાલના કેસમાં વિવાદિત ચેક આરોપીના બેંક ખાતાનો હોવાનું તથા ચેકમાંની સહી આરોપીની હોવાની હકીકતને નકારવામાં આવેલ નથી.** આરોપીનો ચોક્કસ બચાવ એવો છે કે વિવાદિત ચેક તેઓએ હાલના ફરિયાદીને આપેલ નહોતો પરંતુ અન્ય વ્યક્તિઓને આપેલ હતો અને હાલના ફરિયાદીએ તેનો દુરુપયોગ કરેલ છે. આથી, આરોપીએ ફરિયાદીને પ્રત્યક્ષ ચેક આપેલ હતો કે કેમ તે હકીકત વિવાદિત છે. પરંતુ આરોપીએ વિવાદિત ચેક તેમના પોતાના ખાતાનો હોવાનું તેમજ ચેક ઉપરથી સહી તેમની પોતાની હોવાની હકીકત સ્વીકારેલ હોય જેથી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ ૧૧૮(અ) તથા ૧૩૯ હેઠળ ફરિયાદીની તરફેણમાં એવું કાયદાકીય અનુમાન ઊભું થાય છે કે વિવાદિત ચેક આરોપીએ કાયદેસરના દેવાની ચુકવણી અર્થે આપેલ હતો. કલમ ૧૩૯ હેઠળ ઊભું થતું અનુમાન ખંડનીય છે. આરોપી ઉપર ફરિયાદીની માફક પોતાનો બચાવ શંકાથી પર પુરવાર કરવાનો બોજ હોતો નથી. આરોપી પોતાની મૌખિક જુબાની, દસ્તાવેજી પુરાવા તથા ફરિયાદીના પુરાવામાંથી બહાર આવતી ખામીઓ અથવા સમગ્ર સંજોગોના આધારે અનુમાનકીય ધોરણે એવો સંભાવ્ય બચાવ ઊભો કરી શકે છે કે કાયદેસર દેવું અથવા જવાબદારી અસ્તિત્વમાં નહોતી. આરોપી માટે દરેક કિસ્સામાં સાક્ષીપેટીમાં પ્રવેશ કરવો અથવા સ્વતંત્ર સાક્ષી રજૂ કરવો અનિવાર્ય નથી. તેમ છતાં, બચાવ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પરિસ્થિતિ તથા અનુમાન એટલું સંભાવ્ય તથા વિશ્વસનીય હોવું આવશ્યક છે કે તેના આધારે કાયદેસર દેવાના અસ્તિત્વ અંગે વાજબી શંકા ઊભી થાય.

૧૬. ફરિયાદીએ પોતાની ફરિયાદ તથા સોગંદ ઉપરની સરતપાસમાં

સ્પષ્ટપણે જણાવેલ છે કે આરોપીએ તેની પાસેથી સૂકી માછલી ખરીદેલ હતી અને તેની બાકી કિંમતની ચુકવણી અર્થે રૂપિયા ૫,૫૦,૦૦૦/- નો વિવાદિત ચેક આપેલ હતો. ફરિયાદીએ પોતાની ફરિયાદ તથા પક્ષ નિવેદનના સમર્થનમાં વિવાદિત ચેક, બેંક રિટર્ન મેમો, કાયદેસરની ડીમાન્ડ નોટિસ, પોસ્ટલ દસ્તાવેજો તથા બિલ રજૂ કરેલ છે. રેકર્ડ ઉપરથી જણાય છે કે **આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી સી.બી. બાંભણીયા હાજર હોવા છતાં ફરિયાદીના મહત્વપૂર્ણ નિવેદનો બાબતે અસરકારક ઉલટતપાસ કરવામાં આવેલ નથી. સામાન્ય સંજોગોમાં જો કોઈ તબક્કે કોઇ પણ પક્ષકારનો ઉલટતપાસનો હક્ક બંધ કરવામાં આવેલ હોય તો તે પક્ષકાર હક પુનઃસ્થાપિત કરાવી પોતાના બચાવમાં જે-તે સાક્ષીની ઉલટતપાસ કરી શકે. તે રીતે હાલના કેસમાં પણ આરોપી ફરિયાદીની ઉલટતપાસનો હક્ક પુનઃસ્થાપિત કરાવી ફરિયાદીની ઉલટતપાસ કરી શક્યા હોત પરંતુ સદર કેસમાં આવી કોઈ કાર્યવાહી કરેલ નથી તેમજ ફરિયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ હોવાનું રેકર્ડ ઉપરથી જણાતું નથી. ઉપરોક્ત તમામ હકીકતે આ કામના આરોપી ફરિયાદીને ઓળખતા નથી, બંને વચ્ચે કોઈ વ્યવહાર થયેલ નથી, માલની ડિલિવરી કરવામાં આવેલ નહોતી અથવા વિવાદિત ચેક ફરિયાદીને આપવામાં આવેલ નહોતો એવો કોઇ ચોક્કસ બચાવ આરોપી પક્ષ દ્વારા સૂચનરૂપે મૂકવામાં આવેલ નથી.** નિશ્ચિતપણે, ફરિયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ નથી એટલા માત્રથી તેની દરેક હકીકત આપમેળે સ્વીકારી લેવી જરૂરી નથી. અદાલતને સમગ્ર પુરાવાનું સ્વતંત્ર રીતે મુલ્યાંકન કરવાનું રહે છે. **જ્યારે કોઈ સાક્ષીના મહત્વપૂર્ણ તથા મૂળભૂત નિવેદનોને ઉલટતપાસમાં પડકારવામાં આવેલ ન હોય ત્યારે તે હકીકત તેના પુરાવાના મુલ્યમાં વધારો કરતી મહત્વપૂર્ણ પરિસ્થિતિ બને છે. હાલના કેસમાં ફરિયાદીના મૌખિક પુરાવાનું વિવાદિત ચેક, બેંક રિટર્ન મેમો, કાયદેસરની**

ડીમાન્ડ નોટિસ તથા બિલ સાથે સમગ્રતઃ મૂલ્યાંકન કરતાં તેમાં એવો કોઈ મૂળભૂત આંતરિક વિરોધાભાસ, વિસંગતતા અથવા અવિશ્વસનીયતા જણાતી નથી કે જેના આધારે તેની જુબાનીને સંપૂર્ણપણે અવિશ્વસનીય ગણાવી શકાય.

૧૭. **આરોપી તરફે વિદ્ધાન વકીલ શ્રી સી.બી. બાંભણીયાએ** એવી દલીલ કરેલ છે કે ફરિયાદી અથવા આરોપી માછલીનો વેપાર કરતા હોવાનું દર્શાવતું કોઈ નોંધણી પ્રમાણપત્ર, લાઈસન્સ, જીએસટી રેકર્ડ, સ્ટોક રજીસ્ટર અથવા અન્ય વ્યવસાયિક દસ્તાવેજો રજૂ કરવામાં આવેલ નથી, પરંતુ માત્ર આવા દસ્તાવેજોના અભાવના કારણે પક્ષકારો વચ્ચે કોઈ ચોક્કસ વેચાણ વ્યવહાર થયેલ નહીં તેવા ચોક્કસ નિષ્કર્ષ પર આવી શકાય નહીં. આરોપી નિયમિતપણે મચ્છીનો વેપાર કરતા ન હોય તો પણ સૂકી મચ્છીની ખરીદી કરી શકે છે જેથી આરોપી રજીસ્ટર્ડ મચ્છીના વેપારી ન હોવાની હકીકત માત્રથી ફરિયાદીનો સમગ્ર કેસ નિષ્ફળ થઈ જતો નથી. તેવી જ રીતે, દરેક વ્યવાસિક વ્યવહારો માત્ર ટેલિફોનિક કૉલ ડિટેઈલ રેકર્ડ, મોબાઈલ રેકોર્ડિંગ અથવા અન્ય ઈલેક્ટ્રોનિક પુરાવાથી જ પુરવાર કરવો કાયદેસર રીતે અનિવાર્ય નથી. જો ફરિયાદીનો સમગ્ર કેસ માત્ર ટેલિફોનિક વાતચીત ઉપર આધારિત હોત અથવા આરોપીએ અસરકારક ઉલટતપાસ દ્ધારા તે બાબતે ગંભીર તથા સંભાવ્ય વિવાદ ઊભો કરેલ હોત તો કૉલ ડિટેઈલ રેકર્ડ મહત્વની બની રહે છે. પરંતુ હાલના કેસમાં વિવાદિત ચેક, ચેક પરની સ્વીકારાયેલ સહી તથા અન્ય દસ્તાવેજી સામગ્રી રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોવાથી માત્ર સી.ડી.આર. રજૂ કરવામાં આવેલ નથી તે આધારે ફરિયાદીનો સમગ્ર કેસ અવિશ્વસનીય અથવા ખોટો હોવાનું પુરવાર થતું નથી.

૧૮. વધુમાં બચાવ પક્ષે એવો બચાવ લેવામાં આવેલ છે કે, ફરિયાદીએ

તારીખ ૧૯/૧૧/૨૦૨૩ નું બિલ રેકર્ડ ઉપર રજૂ કરેલ છે. સદરહુ બિલ ઉપર આરોપીની સહી, માલ સ્વીકાર્યાની નોંધ અથવા માલની ડિલિવરી સ્વીકાર્યાની કોઈ નોંધ નથી. સદરહુ બિલમાં જીએસટી, પરિવહન તથા માલની ડિલિવરી અંગેની વિસ્તૃત વિગતોનો અભાવ છે. બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલ ઉપરોક્ત બિલમાં રહેલ ખામીઓને સદર બિલનું પુરાવાકીય મુલ્યાંકન કરતી વખતે ધ્યાનમાં લેવી યોગ્ય છે. પરંતુ સદર બિલએ ફરિયાદીના સમગ્ર કેસ પર આધારિત એક માત્ર કે સ્વતંત્ર પુરાવો નથી પરંતુ ફરિયાદીના મૌખિક પુરાવાને સમર્થન કરતો દસ્તાવેજી પુરાવો છે. બિલ ઉપર આરોપીની સહી ન હોવા માત્રથી કે તેમાં જીએસટી સંબંધિત વિગતો દર્શાવવામાં આવેલ ન હોવા માત્રથી સદરહુ બિલ આપમેળે બનાવટી, ખોટું અથવા કાયદેસરના અસ્તિત્વવિહોણું બની જતું નથી. આરોપી પક્ષ દ્વારા ફરિયાદીએ રજૂ કરેલ બિલની સત્યતા કે કથિત વ્યવહાર અંગે ફરિયાદીની અસરકારક ઉલટતપાસ કરવામાં આવેલ નથી. વધુમાં, સદરહુ બિલ બનાવટી હોવાનું દર્શાવતો કોઈ નિષ્ણાત, હિસાબી કે અન્ય વિશ્વસનીય પુરાવો પણ બચાવ પક્ષ તરફથી રજૂ કરવામાં આવેલ નથી. **આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી સી.બી. બાંભણીયાએ** બચાવ પક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે જો ફરિયાદી દ્વારા સદર બિલ આરોપીને આપેલ હતું તો તેનું મુળ બિલ આરોપી પાસે તેમજ તેની નકલ જ માત્ર ફરિયાદી પાસે હોવી જોઈએ. પરંતુ આરોપી પક્ષની આવી દલીલ કોઈ અચૂક કાયદાકીય અથવા વેપારી નિયમ ઉપર આધારિત નથી. કોઈ વેપારી પોતાના રેકર્ડ અર્થે મૂળ બિલ, તેની પ્રતિ, ડુપ્લિકેટ નકલ અથવા કમ્પ્યુટર દ્વારા બનાવવામાં આવેલ બિલ પોતાની પાસે રાખી શકે છે. તેથી માત્ર સદરહુ બિલ ફરિયાદી પાસે ઉપલબ્ધ હોવાના આધારે તે ખોટું અથવા બનાવટી હોવાનું અનુમાન કરી શકાય નહીં. સદરહુ બિલ જોવામાં આવે તો તે તા. ૧૯/૧૧/૨૦૨૩ નું છે જ્યારે હાલની

ફરિયાદ વર્ષ ૨૦૨૫ માં દાખલ કરવામાં આવેલ છે. જોકે, બિલની તારીખ અને ફરિયાદ દાખલ કરવાની તારીખ વચ્ચેનો સમયગાળો માત્રથી ફરિયાદ પક્ષનો કેસ શંકાસ્પદ બની જતો નથી. નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ ૧૩૮ હેઠળ ફરિયાદ કરવાનું કારણ ચેકની રજૂઆત, ચેકનો અનાદર, કાયદેસરની ડીમાન્ડ નોટિસ તથા ત્યારબાદ નિર્ધારિત સમયમર્યાદામાં ચેકની રકમની ચુકવણી ન થવાથી ઊભું થાય છે. રેકર્ડ મુજબ વિવાદિત ચેક, ડીમાન્ડ નોટિસ તથા ફરિયાદ કાયદામાં નિર્ધારિત સમયમર્યાદામાં હોય તો માલના મૂળ બિલ અને ફરિયાદ દાખલ કરવાની તારીખ વચ્ચેનું અંતર માત્રથી ફરિયાદ અમાન્ય કે અવિશ્વસનીય બની જતી નથી.

૧૯. બચાવ પક્ષે એવી દલીલ કરેલ છે કે ફરિયાદી પાસે રૂપિયા ૫,૫૦,૦૦૦/– ક્યાંથી આવ્યા અને ફરિયાદીએ પોતાની આવક કે આર્થિક ક્ષમતા દર્શાવતો કોઈ પુરાવો રજૂ કરેલ નથી. પરંતુ અત્રે એ નોંધવું જરૂરી છે કે હાલનો કેસ ફરિયાદીએ આરોપીને રૂપિયા ૫,૦૦,૦૦૦/– નું રોકડ ધિરાણ આપેલ હોવાનો નથી. ફરિયાદીનો ચોક્કસ કેસ એવો છે કે તેણે આરોપીને સૂકી માછલીનો માલ વેચેલ હતો અને તે માલની બાકી કિંમતની ચુકવણી અર્થે આરોપીએ વિવાદિત ચેક આપેલ હતો. તેથી ફરિયાદી પાસે રૂપિયા ૫,૫૦,૦૦૦/– ની રોકડ રકમ ક્યાંથી આવી તે પ્રશ્ન હાલના વ્યવહાર સાથે સીધો અને સુસંગત સંબંધ ધરાવતો નથી. જો ફરિયાદીની વ્યવસાયિક ક્ષમતા, તેની પાસે ઉપલબ્ધ માલનો જથ્થો અથવા આરોપીને માલ સપ્લાય કરવાની તેની ક્ષમતા અંગે અસરકારક ઉલટતપાસ કરીને કોઈ ચોક્કસ, વિશ્વસનીય અને સંભાવ્ય શંકા ઊભી કરવામાં આવી હોત, તો તે બાબતનો જુદી રીતે દ્રષ્ટિપાત થઇ શકી હોત. પરંતુ માત્ર ફરિયાદીએ પોતાના બેંક

ખાતા, આવકવેરા રિટર્ન અથવા અન્ય નાણાકીય દસ્તાવેજો રજૂ કરેલ નથી એટલા માત્રથી માલના વેચાણની બાકી કિંમત અંગે ઊભું થતું કાયદાકીય અનુમાન ખંડિત થયેલું માની શકાય નહીં. ફરિયાદીની આર્થિક ક્ષમતાનો પ્રશ્ન ખાસ કરીને રોકડ ધિરાણ સંબંધિત કેસોમાં વધુ મહત્વ ધરાવી શકે છે. પરંતુ તે સિદ્ધાંતને યાંત્રિક રીતે માલના વેચાણ અને તેની બાકી કિંમત સંબંધિત દરેક કેસમાં લાગુ પાડી શકાય નહીં. આથી, આર્થિક ક્ષમતાના અભાવ અંગેની બચાવ પક્ષની દલીલ હાલના કેસના મૂળભૂત સ્વરૂપને ધ્યાનમાં લેતાં ફરિયાદીના કેસને નષ્ટ કરતી નથી.

૨૦. **આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી સી.બી. બાંભણીયા હાજર** એ બચાવ પક્ષે એવી દલીલ કરેલ છે કે વિવાદિત ચેકમાં અંગ્રેજી તથા ગુજરાતી એમ બે ભાષામાં લખાણ કરવામાં આવેલ છે. પરંતુ ચેક ઉપરનું તમામ લખાણ એક જ વ્યક્તિએ, એક જ ભાષામાં અથવા એક જ શાહીથી લખવું જોઈએ તેવી કોઈ કાયદાકીય આવશ્યકતા નથી. આરોપીએ વિવાદિત ચેક ઉપર રહેલી સહી પોતાની હોવાનું નકારેલ નથી. તેથી માત્ર ચેકની વિગતો જુદી જુદી ભાષામાં ભરવામાં આવેલ છે એટલા આધારે ચેક અમાન્ય છે અથવા તેનો દુરુપયોગ કરવામાં આવેલ છે એવો નિષ્કર્ષ કાઢી શકાય નહીં. જો કોઈ વ્યક્તિ સહી કરેલો ચેક સ્વેચ્છાએ અન્ય વ્યક્તિને આપે, તો તેમાં તારીખ, રકમ અથવા પેઈનું નામ અન્ય વ્યક્તિ દ્વારા ભરવામાં આવેલ હોવાની હકીકત માત્રથી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ ૧૧૮ (અ) તથા ૧૩૯ હેઠળ ઊભું થતું કાયદાકીય અનુમાન નષ્ટ થઈ જતું નથી. જોકે, આરોપી માટે એવો સંભાવ્ય બચાવ ઊભો કરવાનો અધિકાર ખુલ્લો રહે છે કે ચેક ફરિયાદીને આપવામાં આવેલ નહોતો અથવા ચેક આપતી વખતે આપવામાં આવેલ સત્તાની બહાર તેનો ઉપયોગ કરવામાં આવેલ હતો. હાલના કેસમાં આરોપીએ આવી

વૈકલ્પિક બચાવકથા રજૂ કરેલ છે. પરંતુ આવી બચાવકથાને હાલના વિવાદિત ચેક, તેના નંબર, રકમ, તારીખ તથા ફરિયાદી સુધી ચેક પહોંચવાની હકીકત સાથે વિશ્વસનીય, સુસંગત અને સાંયોગિક છે કે કેમ, તે અંગેનું પુરાવાકીય મુલ્યાંકન અલગ રીતે કરવું જરૂરી છે.

૨૧. બચાવ પક્ષે એવી દલીલ કરેલ છે કે કથિત વ્યવહાર ફરિયાદીની પેઢી મારફત થયેલ હતો, જ્યારે વિવાદિત ચેક પેઢીના વેપારી નામને બદલે ફરિયાદીના વ્યક્તિગત નામે લખવામાં આવેલ છે. રેકર્ડ ઉપરથી જણાય છે કે વિવાદિત ચેકમાં નામિત પેઈ ફરિયાદી પોતે છે અને હાલની ફરિયાદ પણ તે જ પેઈ દ્વારા દાખલ કરવામાં આવેલ છે. તેથી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ ૧૪૨ મુજબ માત્ર પેઢીના વેપારી નામને બદલે ફરિયાદીનું વ્યક્તિગત નામ ચેકમાં લખવામાં આવેલ હોવાની હકીકત ફરિયાદને અમાન્ય કરતી નથી. ફરિયાદીએ સદરહુ પેઢી પોતાની માલિકીની હોવાનું અથવા પોતે તે વ્યવસાય ચલાવતા હોવાનું સોગંદ ઉપર જણાવેલ હોય અને તે હકીકતને ઉલટતપાસમાં પડકારવામાં આવેલ ન હોય, તો માત્ર પેઢીના નામ અને ફરિયાદીના વ્યક્તિગત નામ વચ્ચેના તફાવતના આધારે સમગ્ર વ્યવહાર નકારી શકાય નહીં. જોકે, જો સદરહુ પેઢી કોઈ ભાગીદારી પેઢી, કંપની અથવા અન્ય અલગ કાયદાકીય અસ્તિત્વ ધરાવતી સંસ્થા હોય, તો પેઈનું સ્થાન, ફરિયાદ દાખલ કરવાની સત્તા તથા કલમ ૧૪૨ ની જોગવાઈઓના પાલન અંગે જુદી કાયદાકીય તપાસ જરૂરી બને. પરંતુ હાલના રેકર્ડ ઉપર સદરહુ પેઢી ફરિયાદીથી અલગ સ્વતંત્ર કાયદાકીય અસ્તિત્વ ધરાવતી સંસ્થા હોવાનું દર્શાવતો કોઈ વિશ્વસનીય પુરાવો બચાવ પક્ષે રજૂ કરેલ હોવાનું જણાતું નથી.

૨૨. બચાવ પક્ષ દ્વારા એવો બચાવ લેવામાં આવેલ છે કે, ફરિયાદીએ

કાયદેસરની ડીમાન્ડ નોટિસ આરોપીના દર્શાવેલ સરનામે રજિસ્ટર્ડ પોસ્ટ દ્વારા મોકલેલ હતી અને સદરહુ પોસ્ટલ કવર “Refused”ના શેરા સાથે પરત આવેલ છે. આરોપીએ નોટિસમાં દર્શાવેલ સરનામું ખોટું હતું, તે સરનામે તે રહેતો નહોતો અથવા પોસ્ટલ અધિકારીએ નોટિસ આરોપીને રજૂ કર્યા વિના ખોટો “Refused”નો શેરો કરેલ હતો તે દર્શાવતો કોઈ વિશ્વસનીય પુરાવો રજૂ કરેલ નથી. યોગ્ય સરનામે, યોગ્ય પોસ્ટેજ સાથે રજિસ્ટર્ડ પોસ્ટ દ્વારા નોટિસ મોકલવામાં આવે અને તે “Refused”ના પોસ્ટલ શેરા સાથે પરત આવે, ત્યારે સામાન્ય કલમ અધિનિયમની કલમ ૨૭ તથા પુરાવાના સામાન્ય સિદ્ધાંતો મુજબ નોટિસની કાયદેસરની બજવણી થયાનું ખંડનીય અનુમાન ઊભું થાય છે. આરોપી યોગ્ય અને વિશ્વસનીય પુરાવાથી સદરહુ અનુમાન ખંડિત કરી શકે છે. પરંતુ હાલના કેસમાં આવો કોઈ વિરુદ્ધ પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. તેથી નોટિસની કાયદેસરની બજવણી થયેલી હોવાનું માનવું યોગ્ય અને ન્યાયોચિત છે. **C.C. Alavi Haji** ના ચુકાદામાં પ્રતિપાદિત કાયદાકીય સિદ્ધાંત મુજબ “Refused” સહિતના પોસ્ટલ શેરાઓના કિસ્સામાં નોટિસની કાયદેસરની બજવણી થયાનું અનુમાન માન્ય રહે છે. અત્રે એ પણ સ્પષ્ટ કરવું જરૂરી છે કે નોટિસ “Refused”ના શેરા સાથે પરત આવેલ હોવાથી આરોપીએ નોટિસ વાસ્તવમાં સ્વીકારેલ હતી અને ત્યારબાદ તેનો જવાબ આપેલ નહોતો એવું કહેવું યોગ્ય નથી. તેથી માત્ર નોટિસનો જવાબ આપવામાં આવેલ નથી તેના આધારે આરોપી વિરુદ્ધ કોઈ નિર્ણાયક પ્રતિકૂળ અનુમાન લેવામાં આવતું નથી. પરંતુ યોગ્ય સરનામે મોકલવામાં આવેલ નોટિસ સ્વીકારવાનો આરોપીએ ઇનકાર કરેલ હોય અને તેની બજવણી અંગે ઊભું થતું કાયદાકીય અનુમાન ખંડિત કરવામાં આવેલ ન હોય, તો નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ ૧૩૮ હેઠળની માંગણી નોટિસ સંબંધિત કાયદાકીય

આવશ્યકતા પૂર્ણ થયેલી ગણાય.

૨૩. આરોપીનો મુખ્ય બચાવ એવો છે કે વિવાદિત ચેક તેણે હાલના ફરિયાદીને આપેલ નહોતો, પરંતુ જાફરાબાદ ખાતે રહેતા અન્ય વ્યક્તિઓને કોઈ અલગ વ્યવહારના અનુસંધાને આપેલ હતો અને સદરહુ ચેકનો હાલના ફરિયાદીએ દુરુપયોગ કરેલ છે. આરોપીએ પોતાના આ બચાવના સમર્થનમાં તારીખ ૧૮.૧૦.૨૦૨૪ ની એફ.આઈ.આર. તથા કેટલાક વાઉચરો રેકર્ડ ઉપર રજૂ કરેલ છે. માત્ર એફ.આઈ.આરની નકલ રજૂ કરવામાં આવે એટલા માત્રથી તેમાં કરવામાં આવેલ આક્ષેપો આપમેળે પુરવાર થઈ જતા નથી. એફ.આઈ.આર. એ કોઈ વિવાદ અથવા ફરિયાદ કરવામાં આવેલ હોવાનું દર્શાવતી એક પરિસ્થિતિ બની શકે છે, પરંતુ તેનો હાલના વિવાદિત ચેક સાથે ચોક્કસ, સીધો તથા વિશ્વસનીય સંબંધ પુરવાર કરવો જરૂરી રહે છે. આરોપીએ સદરહુ એફ.આઈ.આર. માં હાલના વિવાદિત ચેકનો નંબર, તારીખ, રકમ અથવા હાલના ફરિયાદીનું નામ સ્પષ્ટપણે દર્શાવેલ હોવાનું સ્થાપિત કરેલ નથી. વધુમાં, એફ.આઈ.આરમાં દર્શાવેલ વ્યક્તિઓ અને હાલના ફરિયાદી વચ્ચે શું સંબંધ છે તથા વિવાદિત ચેક તેમના કબજામાંથી હાલના ફરિયાદી પાસે કેવી રીતે પહોંચ્યો તેની સંપૂર્ણ, સુસંગત અને વિશ્વસનીય સાંકળ રેકર્ડ ઉપર સ્થાપિત કરવામાં આવેલ નથી. આરોપી જે વ્યક્તિઓને વિવાદિત ચેક આપ્યો હોવાનું જણાવે છે તે સંબંધિત મુખ્ય વ્યક્તિઓને સાક્ષી તરીકે તપાસવામાં આવેલ નથી. સંબંધિત તપાસ અધિકારી અથવા એફ.આઈ.આર. ના ફરિયાદીની જુબાની પણ એવી રીતે લેવામાં આવેલ નથી કે જેના આધારે વિવાદિત ચેકનો એફ.આઈ.આર. માં દર્શાવેલ ઘટનાક્રમ સાથે સીધો સંબંધ સ્થાપિત થઈ શકે. આથી, સદરહુ એફ.આઈ.આર. આરોપીની બચાવકથાને અમુક અંશે પરિસ્થિતિજન્ય આધાર આપતી હોવા

છતાં, હાલના ચોક્કસ વિવાદિત ચેકના કથિત દુરુપયોગને સંભાવ્ય, સુસંગત અને વિશ્વસનીય બનાવે તેવો પૂરતો પુરાવો બની શકે નહીં.

૨૪. આરોપીએ અન્ય વ્યક્તિઓને વ્યવહારની રકમ ચૂકવેલ હોવાનું દર્શાવતા કેટલાક વાઉચરો રેકર્ડ ઉપર રજૂ કરેલ છે. સદરહુ વાઉચરોનું અવલોકન કરતાં તેમાં હાલના ફરિયાદીનું નામ, વિવાદિત ચેકનો નંબર, સૂકી માછલીના કથિત વ્યવહાર અથવા રૂપિયા ૫,૫૦,૦૦૦/- ના હાલના લેણા સાથેનો કોઈ સીધો અને ચોક્કસ ઉલ્લેખ હોવાનું જણાતું નથી. વાઉચરોના લેખક, રકમ પ્રાપ્ત કરનાર વ્યક્તિ અથવા સંબંધિત વ્યવહાર સાથે સંકળાયેલ વ્યક્તિની જુબાની દ્વારા સદરહુ વાઉચરોની હકીકતો તથા તેમનો હાલના વિવાદિત ચેક સાથેનો સંબંધ વિશ્વસનીય રીતે પુરવાર કરવામાં આવેલ નથી. આરોપીએ અન્ય વ્યક્તિઓને અમુક રકમની ચુકવણી કરેલ હોય તો પણ માત્ર તે હકીકતથી ફરિયાદી પ્રત્યેની હાલની કાયદેસરની જવાબદારી આપમેળે સમાપ્ત થઈ જાય એવું માની શકાય નહીં. સદરહુ ચુકવણી કયા ચોક્કસ વ્યવહાર માટે કરવામાં આવેલ હતી અને તેનો હાલના વિવાદિત ચેક તથા ફરિયાદીના લેણા સાથે શું સંબંધ હતો તે સ્થાપિત કરવું આવશ્યક છે. આવી જરૂરી કડીના અભાવે સદરહુ વાઉચરો ફરિયાદીના કેસને ખંડિત કરતા નથી.

૨૫. આરોપીએ સાક્ષીપેટીમાં પ્રવેશ કરી સોગંદ ઉપર પોતાની બચાવકથા રજૂ કરેલ છે. તેથી એવું કહેવું યોગ્ય નથી કે આરોપી સાક્ષીપેટીમાં પ્રવેશેલ જ નથી અથવા તેણે સોગંદ ઉપર કોઈ સ્પષ્ટતા કરેલ નથી. આરોપીની સમગ્ર જુબાનીનું તેના દ્વારા રજૂ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા તથા કેસની અન્ય પરિસ્થિતિઓ સાથે મૂલ્યાંકન કરવાનું રહે છે. **આરોપીની સરતપાસ દરમિયાન તેના વિદ્વાન**

વકીલશ્રી આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી સી.બી. બાંભણીયા દ્વારા કેટલાક સૂચક પ્રશ્નો પૂછવામાં આવેલ હોવાનું અદાલત દ્વારા નોંધવામાં આવેલ છે. ભારતીય સાક્ષ્ય અધિનિયમ, ૨૦૨૩ ની કલમ ૧૪૬ મુજબ સરતપાસમાં, વિરોધ કરવામાં આવે ત્યારે, અદાલતની પરવાનગી વિના સૂચક પ્રશ્નો પૂછવા યોગ્ય નથી, સિવાય કે તે પ્રારંભિક, નિર્વિવાદ અથવા અગાઉથી પુરવાર થયેલ બાબતોને લગતા હોય. જોકે, માત્ર સૂચક પ્રશ્ન પૂછવામાં આવેલ હોવાથી તેના જવાબને આપમેળે પુરાવામાંથી બાકાત કરી શકાય નહીં. આરોપીની જુબાનીને માત્ર આ એક આધાર ઉપર નકારવાને બદલે તેના જવાબોની સ્વાભાવિકતા, આંતરિક સુસંગતતા, વિશ્વસનીયતા તથા અન્ય પુરાવાથી મળતા સમર્થનના આધારે તેની કદર કરવી જરૂરી છે.

૨૬. આરોપીની સોગંદ ઉપરની જુબાનીનું સમગ્રતઃ અવલોકન કરતાં તેણે વિવાદિત ચેક કઈ ચોક્કસ વ્યક્તિને આપેલ હતો, કઈ તારીખે આપેલ હતો, તે વ્યક્તિને ચેક આપવાનો મૂળ વ્યવહાર શું હતો, સદરહુ ચેક હાલના ફરિયાદીના કબજામાં કેવી રીતે પહોંચ્યો તથા ચેકનો દુરુપયોગ થયાની જાણ થયા બાદ આરોપીએ કયા સમકાલીન કાયદેસર પગલાં લીધા હતા તે અંગે સંપૂર્ણ, સુસંગત અને વિશ્વસનીય સાંકળ સ્થાપિત કરેલ નથી. આરોપીની જુબાનીને એફ.આઇ.આર. અથવા રજૂ કરવામાં આવેલ વાઉચરોમાંથી એવો કોઈ સીધો અને વિશ્વસનીય આધાર મળતો નથી કે જેના આધારે ફરિયાદી પ્રત્યે કોઈ કાયદેસર દેવું અથવા જવાબદારી અસ્તિત્વમાં નહોતી એવું સંભાવ્ય બની શકે. આરોપીની સોગંદ ઉપરની જુબાની માત્ર એટલા કારણસર નકારી શકાય નહીં કે તે આરોપીની પોતાની જુબાની છે. તેવી જ રીતે, આરોપીએ સોગંદ ઉપર કોઈ હકીકત જણાવેલ હોય એટલા માત્રથી સદરહુ હકીકત આપમેળે પુરવાર

થયેલી પણ ગણાતી નથી. આરોપીની જુબાનીનું રેકર્ડ ઉપર ઉપલબ્ધ અન્ય પુરાવા સાથે પરીક્ષણ કરતાં તે ફરિયાદીના કેસના મૂળભૂત તથ્યોને અસંભવિત બનાવતી કોઈ વિશ્વસનીય, સુસંગત અને સંભાવ્ય વૈકલ્પિક પરિસ્થિતિ સ્થાપિત કરતી નથી.

૨૭. રેકર્ડ ઉપરથી જણાય છે કે આરોપીને સમગ્ર કાર્યવાહી દરમિયાન તેના વિદ્વાન વકીલશ્રી દ્વારા પ્રતિનિધિત્વ મળેલ હતું તથા ફરિયાદીના પુરાવાને પડકારવા અને પોતાનો બચાવ રજૂ કરવા પૂરતી અને વાજબી તકો આપવામાં આવેલ હતી. આ હકીકતની નોંધ માત્ર કાર્યવાહીનો રેકર્ડ સ્પષ્ટ કરવા અર્થે કરવામાં આવે છે. આરોપીના વિદ્વાન વકીલશ્રીની વ્યક્તિગત ક્ષમતા, કાર્યપદ્ધતિ અથવા વ્યાવસાયિક બેદરકારી અંગે અદાલત કોઈ પ્રતિકૂળ અભિપ્રાય વ્યક્ત કરતી નથી. **આરોપીની દોષસિદ્ધિનો આધાર તેના વિદ્વાન વકીલશ્રીએ કોઈ ચોક્કસ અરજી કરી કે ન કરી, કોઈ સાક્ષીને તપાસેલ કે ન તપાસેલ અથવા કોઈ ચોક્કસ પ્રશ્ન પૂછેલ કે ન પૂછેલ તે બની શકે નહીં. અદાલતે માત્ર રેકર્ડ ઉપર ઉપલબ્ધ કાયદેસર અને સ્વીકાર્ય પુરાવાનું મૂલ્યાંકન કરવાનું રહે છે.** હાલના કેસમાં નોંધપાત્ર હકીકત એટલી છે કે ફરિયાદીના મહત્વપૂર્ણ અને મૂળભૂત પુરાવાનું અસરકારક ખંડન કરવામાં આવેલ નથી તથા આરોપીની બચાવકથાને હાલના વિવાદિત ચેક અને ફરિયાદી સાથે સાંકળતો કોઈ સંભાવ્ય, સુસંગત અને વિશ્વસનીય પુરાવો રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી.

૨૮. બચાવ પક્ષે એવી વિવિધ પરિસ્થિતિઓ રજૂ કરેલ છે કે આરોપી માછલીનો વેપારી નથી, કોઈ કૉલ ડિટેઇલ રેકર્ડ રજૂ કરવામાં આવેલ નથી, બિલ ઉપર આરોપીની સહી નથી, જીએસટીની વિગતો દર્શાવવામાં આવેલ નથી, ચેકમાં બે ભાષામાં લખાણ છે, ચેક

ફરિયાદીની પેઢીના નામે નથી અને ફરિયાદીએ પોતાની આર્થિક ક્ષમતા દર્શાવેલ નથી. ઉપરોક્ત તમામ પરિસ્થિતિઓનું અલગ અલગ તેમજ સંયુક્ત રીતે મૂલ્યાંકન કરવામાં આવેલ છે. ઉપરોક્ત પરિસ્થિતિઓમાંથી કેટલીક પરિસ્થિતિઓ ફરિયાદીના પુરાવાનું પુરાવાકીય મુલ્ય નક્કી કરતી વખતે ધ્યાનમાં લેવા યોગ્ય છે. તેમ છતાં, તેમાંથી કોઈ એક પરિસ્થિતિ પોતાની મેળે અથવા તમામ પરિસ્થિતિઓને સંયુક્ત રીતે જોતા ફરિયાદીના કાયદેસર લેણાના અસ્તિત્વને અસંભવિત બનાવતી નથી. બીજી તરફ, વિવાદિત ચેક આરોપીના બેંક ખાતાનો છે, તેના ઉપર રહેલી સહી આરોપીની હોવાનું નકારવામાં આવેલ નથી, ચેક બેંક સમક્ષ રજૂ કરવામાં આવેલ હતો અને અનાદરિત થઈ પરત આવેલ છે, કાયદેસરની માંગણી નોટિસ આરોપીના યોગ્ય સરનામે મોકલવામાં આવેલ હતી અને તે “Refused”ના શેરા સાથે પરત આવેલ છે તથા નોટિસની કાયદેસરની બજવણી બાદ નિર્ધારિત સમયમર્યાદામાં આરોપીએ ચેકની રકમની ચુકવણી કરેલ નથી. ફરિયાદીએ કથિત વ્યવહાર તથા વિવાદિત ચેક અંગે જણાવેલ મહત્વપૂર્ણ હકીકતોને અસરકારક ઉલટતપાસ દ્વારા પડકારવામાં આવેલ નથી. આરોપીનો એવો બચાવ કે વિવાદિત ચેક અન્ય વ્યક્તિને આપવામાં આવેલ હતો અને હાલના ફરિયાદીએ તેનો દુરુપયોગ કરેલ છે, તે ચોક્કસ ચેક નંબર, સંબંધિત વ્યક્તિઓની જુબાની, બેંકને આપવામાં આવેલ સમકાલીન સૂચના, ચેક પરત મેળવવા માટે કરવામાં આવેલ કાર્યવાહી અથવા ફરિયાદી સુધી ચેક પહોંચવાની સાંકળ દર્શાવતા કોઈ વિશ્વસનીય પુરાવાથી સમર્થિત થયેલ નથી. આરોપીએ રજૂ કરેલ એફ.આઈ.આર. તથા વાઉચરોનો હાલના વિવાદિત ચેક સાથે કોઈ સીધો, ચોક્કસ અને વિશ્વસનીય સંબંધ સ્થાપિત થતો નથી. તેથી આરોપી દ્વારા રજૂ કરવામાં આવેલ બચાવ માત્ર શક્યતાની કલ્પના અથવા નિર્વસ્ત્ર દાવા સુધી સીમિત રહે છે અને તે

નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ ૧૧૮ (અ) તથા ૧૩૯ હેઠળ ઊભા થતા કાયદાકીય અનુમાનને ખંડિત કરવા માટે જરૂરી સંભાવનાઓની પ્રબળતાની કસોટી પૂર્ણ કરતો નથી.

૨૯. આમ, ઉપરોક્ત સમગ્ર ચર્ચા, રેકર્ડ ઉપર ઉપલબ્ધ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા અને કેસના તમામ સંજોગોના સંયુક્ત મૂલ્યાંકન પરથી એવું સ્પષ્ટ થાય છે કે વિવાદિત ચેક આરોપીના બેંક ખાતાનો હોવાનું તથા તેના ઉપર રહેલી સહી આરોપીની હોવાનું પુરવાર થયેલ અને સ્વીકારાયેલ છે. પરિણામે, નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ ૧૧૮ (અ) તથા ૧૩૯ હેઠળ ફરિયાદીની તરફેણમાં એવું કાયદાકીય અનુમાન ઊભું થાય છે કે વિવાદિત ચેક કાયદેસર રીતે વસૂલ કરી શકાય તેવા દેવા અથવા અન્ય જવાબદારીની ચુકવણી અર્થે આપવામાં આવેલ હતો. આરોપી માટે સદરહુ અનુમાન શંકાથી પર ખંડિત કરવું જરૂરી નહોતું. આરોપી ફરિયાદીના પુરાવામાંથી બહાર આવતી ખામીઓ, પોતાના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા અથવા સમગ્ર સંજોગોના આધારે સંભાવનાઓની પ્રબળતાના ધોરણે સંભાવ્ય બચાવ ઊભો કરી શકતા હતા. તેમ છતાં, આરોપીની સોગંદ ઉપરની જુબાની, એફ.આઇ.આર., વાઉચરો, બચાવ પક્ષના સાક્ષીની જુબાની તથા સમગ્ર રેકર્ડમાંથી ફરિયાદી પ્રત્યેની કાયદેસર જવાબદારીના અસ્તિત્વને અસંભવિત બનાવતી કોઈ સુસંગત, વિશ્વસનીય અને સંભાવ્ય પરિસ્થિતિ ઊભી થતી નથી. તેના વિપરીત, ફરિયાદીનો મૌખિક પુરાવો વિવાદિત ચેક, બેંક રિટર્ન મેમો, કાયદેસરની માંગણી નોટિસ, પોસ્ટલ દસ્તાવેજો તથા વ્યવહાર સંબંધિત બિલ સાથે સુસંગત અને સમર્થિત જણાય છે. ફરિયાદીના મહત્વપૂર્ણ અને મૂળભૂત પુરાવાનું અસરકારક રીતે ખંડન કરવામાં આવેલ નથી. તેથી આરોપી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ ૧૧૮ (અ) તથા ૧૩૯ હેઠળ

ફરિયાદીની તરફેણમાં ઊભા થતા કાયદાકીય અનુમાનને સંભાવનાઓના પ્રાબલ્યના ધોરણે ખંડિત કરવામાં નિષ્ફળ રહેલ છે. પરિણામે, ફરિયાદીએ નિઃશંકપણે પુરવાર કરેલ છે કે વિવાદિત ચેક આરોપીએ ફરિયાદીને રૂ. ૫,૫૦,૦૦૦/– ના કાયદેસરના દેવા પેટે આપેલ હતો; સદરહુ ચેક બેંક સમક્ષ રજૂ કરવામાં આવેલ હતો અને વણચુક્યે પરત આવેલ હતો; ફરિયાદીએ કાયદેસરની સમયમર્યાદામાં ડીમાન્ડ નોટિસ પાઠવેલ હતી; સદરહુ નોટિસની કાયદેસરની બજવણી છતાં આરોપીએ નિર્ધારિત સમયમર્યાદામાં ચેકની રકમની ચુકવણી કરેલ નહોતી; તથા હાલની ફરિયાદ કાયદામાં નિર્ધારિત સમયમર્યાદામાં દાખલ કરવામાં આવેલ હતી. આથી, આ અદાલત એવા નિષ્કર્ષ ઉપર આવે છે કે ફરિયાદી આરોપી વિરુદ્ધ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ ૧૮૮૧ ની કલમ ૧૩૮ હેઠળનો ગુનો નિઃશંક પણે પુરવાર કરવામાં સફળ રહેલ છે.

અંતિમ તારણઃ–

૩૦. ઉપરોક્ત સમગ્ર ચર્ચાનુસાર ફરિયાદ પક્ષ આરોપી વિરૂદ્ધ મુકવામાં આવેલ આક્ષેપો નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ હોવાના કારણે મુદ્દા નં. ૧ નો જવાબ હકારમાં તથા મુદ્દા નં. ૨ નો જવાબ નકારમાં આપવામાં આવેલ છે તથા મુદ્દા નં. ૩ અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

– ઃ હુ ક મ ઃ–

૧. આ કામના આરોપી– **અઝીમભાઈ સલીમભાઈ ભટી,** રહે. ખારાપત તુર્કી મહોલ્લા, ગાંધીભવન પાછળ, જાફરાબાદ, તા. જાફરાબાદ, જી. અમરેલી વાળાને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ ૨૫૫ (૨) ની જોગવાઈઓ અન્વયે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૩૮ મુજબના ગુનાના કામે કસુરવાર ઠરાવવામાં આવે છે.

૨. આરોપી **અઝીમભાઇ સલીમભાઇ ભટી** ને સજા બાબતે સાંભળવા માટે કામ મુલતવી રાખવામાં આવ્યું.

હુકમ આજરોજ **તા. ૧૭મી, માહે–જુલાઇ, સને–૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી/સિકકો કરીને જાહેર કર્યો.

ઉના. (નીરજ કુમાર યાદવ)
તા. ૧૭ / ૦૭ / ૨૦૨૬ સેકન્ડ એડી. ચીફ જ્યુડી. મેજી, ઉના.
K.D. Vainsh (Guj. Steno) કોડ નં. જી.જે.૦૧૪૦૯

૩૧. આજરોજ આરોપી તથા તેમના વિ.વ. વકીલશ્રીનો વારંવાર પોકાર કરાવતા આરોપી કે આરોપીના વિદ્વાન વકીલશ્રી હાજર ન હોય સજા અંગે આરોપીને સાંભળવામાં આવેલ નથી.

૩૨. ફરિયાદ પક્ષે વિદ્વાન વકીલશ્રી તેઓની રજુઆતમાં જણાવે છે કે આરોપીને કોઇ પણ પ્રકારની રાહત આપી શકાય નહીં. આ કામે ફરિયાદ પક્ષ દ્વારા પુરાવાની મદદથી આરોપી સામેનો ગંભીર ગુનો નિઃશંક પુરવાર કરેલ છે. આરોપી પર કોઇ પણ રહેમ નજર રાખી શકાય નહિ અને આવા ગંભીર ગુનાને કોઇ પણ રીતે સાંખી લેવામાં આવશે નહી તેવો સમાજમાં દાખલો બેસાડવા આરોપીને મહત્તમ સજા કરવા અરજ કરેલ છે. વધુમાં ફરિયાદીને થયેલ નુકસાન સબબ વળતર અપાવવા અરજ કરેલ છે.

૩૩. સજા સકારાત્મક પ્રકારની હોવી જોઇએ અને ગુનાની ગંભીરતાના સંદર્ભે હોવી જોઇએ તેમજ આરોપીમાં પશ્ચાતાપની ભાવના પ્રગટે સજા તે મુજબ સમન્યાયી હોવી જોઇએ. વધુમાં શિક્ષાની જે વિવિધ વિચારસરણીઓ છે તેમાંની એક વિચારસરણી એ સુધારાત્મક વિચારસરણી છે. સુધારાત્મક વિચારસરણીનો મુખ્ય હેતુ એ છે કે, ગુનેગારો જન્મથી જ ગુનેગારો હોતા નથી પરંતુ ખાસ સંજોગો વ્યકિતને ગુનો કરવા પ્રેરિત કરે છે. તે સંજોગોમાં ઘણી વાર એવા હોય છે કે, સામાન્ય વ્યક્તિ તે સંજોગો ઉપર કાબુ મેળવી શકતી નથી અને ગુનો કરી બેસે છે. તેવા સંજોગોમાં આરોપીનું સમગ્ર ચરિત્ર ગુનેગાર છે તેમ માની લેવુ ન્યાયિક નથી.

૩૪. પરંતુ તેની સાથે સાથે સજા તેટલી હળવી પણ ના હોવી જોઇએ કે જેથી કાયદાનો હેતુ માર્યો જાય. સજા વધુ પડતી આકરી હશે તો તેનાથી આરોપીમાં નફરત અને બદલાની ભાવના પ્રગટશે અને તેની

સામે સજા વધુ પડતી ઉદાર હશે તો આરોપીમાં તેને કરેલ કૃત્યની ગંભીરતા, તેની અસર અને પાશ્ચાતાપની ભાવના નહીં જન્મે. આવા સંજોગોમાં સજા ન્યાયી, સંતુલિત અને દ્વિઅસરીય હોવી જોઇએ. આરોપીને તેને કરેલ ગુનાની ગંભીરતા પણ સમજાય, તેનામાં પશ્ચાતાપની ભાવના પણ પ્રગટે અને સાથે સાથે તેનું અને તેના આશ્રિતોનું ભવિષ્ય પણ ના જોખમાય અને ફરિયાદીને પણ ન્યાય મળ્યાનો સંતોષ મળે.

૩૫. નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૩૮ ના શબ્દો વંચાણે લેવામાં આવે તો તેમાં સજા બાબતે નામદાર કોર્ટને વિવેકાધીન સત્તા આપવામાં આવેલ છે. સદર ગુનો પુરવાર થાય તો મહત્તમ સજા ૨ (બે) વર્ષ **સુધીની** જેલ અથવા ચેકની રકમના બે ગણા **સુધીનો** દંડ અથવા બંને તેમ જણાવેલ છે. આમ, નામદાર કોર્ટે કેસની હકીકતોને ધ્યાને રાખીને સજા બાબતે હુકમ કરવો જોઇએ. કોઇ પણ ગુનામાં મહત્તમ સજા માટે ખાસ અને અસામાન્ય સંજોગો તથા હકીકતો હોવા જોઇએ. હાલના કામે એવા કોઈ અસામાન્ય અને ખાસ સંજોગો જણાઇ આવતા નથી. આરોપી સામેના નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૩૮ મુજબના ગુનાની સજા, ગંભીરતા, આરોપીની ઉંમર, તેનું ભવિષ્ય, તેઓની કુટુંબની જવાબદારી વિગેરે જેવા તત્વો ધ્યાને લેતા, સજા બાબતે નીચે મુજબનો આખરી હુકમ ન્યાયિક જણાઇ છે.

–ઃ આ ખ રી હુ ક મ ઃ–

૧. આ કામના આરોપી – **અઝીમભાઈ સલીમભાઈ ભટી,** રહે. ખારાપત તુર્કી મહોલ્લા, ગાંધીભવન પાછળ, જાફરાબાદ, તા. જાફરાબાદ, જી. અમરેલી નાઓને ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ ની

કલમ–૧૩૮ મુજબના ગુના અંગે ક્રિમિનલ પ્રોસિજર કોડ, ૧૯૭૩ ની કલમ – ૨૫૫ (૨) અન્વયે કસુરવાર ઠરાવી ૧ (એક) વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીએ **અઝીમભાઇ સલીમભાઇ ભટી નાએ** ક્રિમિનલ પ્રોસિજર કોડ, ૧૯૭૩ ની કલમ – ૩૫૭(૩) મુજબ ફરિયાદીને વળતર પેટેની રકમ રૂ. ૫,૫૦,૦૦૦/– અંકે રૂપિયા પાંચ લાખ પચાસ હજાર પુરા ચુકવવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી ઉપરોક્ત વળતર હુકમની તારીખથી એક માસમાં ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ બે માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૩. જો વળતરની રકમ બાબતે કસુર થાય તો કસુર સામેની સજાનો અમલ મુખ્ય સજા વીત્યા બાદ શરૂ થયેલો ગણવાનો રહેશે.

૪. આ કામના આરોપીને ક્રિમિનલ પ્રોસિજર કોડ, ૧૯૭૩ ની કલમ – ૩૬૩(૧) મુજબ ચુકાદાની પ્રમાણિત નકલ વિનામુલ્યે આપવાનો હુકમ કરવામાં આવે છે.

૫. આ કામના આરોપીએ સદરહું કેસના કામે જો અગાઉ કોઇ સજા ભોગવેલ હોય તો ક્રિમિનલ પ્રોસિજર કોડ, ૧૯૭૩ ની કલમ – ૪૨૮ મુજબ ભોગવેલ સજા મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

ચુકાદો આજરોજ **તા. ૧૭મી, માહે–જુલાઇ, સને–૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી

સહી/સિકકો કરીને જાહેર કર્યો.

ઉના. (નીરજ કુમાર યાદવ)
તા. ૧૭/૦૭/૨૦૨૬ સેકન્ડ એડી. ચીફ જ્યુડી. મેજી, ઉના.
K.D. Vainsh (Guj. Steno) કોડ નં. જી.જે.૦૧૪૦૯